Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીનું સાહિત્ય ક્ષેત્રે પ્રદાન

**DR KUSUM D VALA**
ASSISTANT PROFESSOR SANSKRIT GOVERNMENT ARTS AND COMMERCE COLLEGE JADAR MO. 9924460174 EMAIL:kusumvala82@gmail.com

## પ્રસ્તાવના

ભારતના રાષ્ટ્રપિતા એવા મહાત્માશ્રી મોહનદાસ કરમચંદ ગાંધી પોતાના જીવનને પોતાનો સંદેશો માનનાર આધ્યાત્મિક પુરુષ સમાજ સુધારક તો હતાં જ સાથે સાથે એક સાહિત્યકાર પણ હતાં. એમનું સાહિત્ય સર્જન લોકહિત માટે તેમજ લોકોમાં જાગૃતિ લાવવા માટેનું હતું. ગુજરાતી ભાષામાં જ નહીં અન્ય ભાષામાં પણ સ્થાન પામ્યું છે.ગાંધીજીના વિચારોનું બળ વ્યાપક હતું. તેમનું લખેલા સાહિત્યમાં એમના પુસ્તક હોય કે પછી લેખ એમનો ઉદેશ્ય માત્ર એક જ લોકોમાં જાગૃતિ લાવવાનો. તેમનું લખાણ સરળ શૈલીમાં લખાયેલું છે. સત્યના પ્રયોગો (આત્મકથા) ,હિન્દ સ્વરાજ,આરોગ્યની ચાવી,દક્ષિણ આફ્રીકાનો સત્યાગ્રહ,વ્યાખ્યાનો,પત્રો,લેખો વગેરે પુસ્તક સ્વરૂપે સંગ્રહયેલા છે.તેમનું પહેલું પુસ્તક તેમની આત્મકથા સત્યના પ્રયોગો જે સાહિત્ય જગતમાં અનેરું સ્થાન પ્રાપ્ત કર્યું. સૌપ્રથમ તેમનાં વિશે જોઇએ.

## સત્યના પ્રયોગો

ગાંધીજીની આત્મકથા માત્ર ગુજરાતમાં જ નહીં વિશ્વની શ્રેષ્ટ આત્મકથા છે.વિશ્વની અનેક ભાષામાં અનુવાદ થયાં છે. તેથી જ ગુજરાતી ભાષાને ગાંધીજીની ભાષા તરીકે ઓળખવામાં આવે છે.આ આત્મકથા તેમનાં જન્મથી લઈ અને મૃત્યુ સમય પર્યન્ત સુધીનો તેમનો જીવન વૃતાંત પાંચ ભાગ અને તેંતાલીસ પ્રકરણોમાં લખ્યા છે. પાંચ પ્રકરણમાં જીવનના અનેક પાસાઓને રજૂ કર્યા છે. જીવનના કાર્ય એટલા પારદર્શક હતાં પ્રથમ બે પ્રકરણમાં બાળપણની વાતો અને ત્રણ પ્રકારણોમાં જીવનના બધાજ અનુભવો,ઘટનાઓ રજૂ કરી છે. તેમનું પ્રથમ સાપ્તાહિક નવજીવન સામયિકમાં 29 નવેમ્બર 1925થી સાપ્તાહિક અંક સ્વરૂપે પ્રસિદ્ધ થઈ. તેમની આત્મકથામાં એક સૂત્રતા જળવાય છે તેમના વિચારોની સુસ્પષ્ટતા સ્પષ્ટ જોઇ શકાઇ છે. લેખક ઇચ્છે તો પોતાની ખામીઓ કે ત્રુટિઓ રજૂ ના કરે પણ ગાંધીજીએ પોતાની ખામીને છુપાવ્યા વગર સહજતાથી આલેખી છે.

## આરોગ્યની ચાવી

ગાંધીજીના મતે આરોગ્ય એક સાધના છે. તેમને મન આરોગ્ય વસ્તુ ન હતી પણ ઈશ્વરે આપેલું સર્વ શ્રેષ્ટ સાધન હતું. આરોગ્યની ચાવી પુસ્તક તેમના જેલવાસ દરમિયાન લોકોના સ્વાસ્થ્ય માટે જાગૃતિ લાવવવાના હેતુથી લખ્યું હતું. પણ તેમના મૃત્યુ પછી 1948માં પ્રગટ થયું ગુજરાતીમાં લખાયેલા આ પુસ્તકનું અંગ્રેજી અને હિન્દીમાં અનુવાદ પણ થયેલા છે.

## દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ

મૂળ ગુજરાતી ભાષામાં લખાયેલું આ પુસ્તક ઇતિહાસની દ્રષ્ટિએ ખૂબ મહત્વ ધરાવે છે કેમ કે ભારતીય સ્વતંત્રતાના બીજ અહી રોપયા છે. આ પુસ્તકમાં ગાંધીજીએ કરેલો સત્યાગ્રહની વાત કરવામાં આવી છે. તેમણે થયેલા દક્ષિણ આફ્રિકાના અનુભવો એમના સંઘર્ષોનું વર્ણન કર્યું છે સાથે સાથે ઘટનાઓ,ટીકાઓ અને ત્યાનું ભૌગોલિક વર્ણન પણ ખૂબ સરસ રીતે કર્યું છે. દક્ષિણ આફ્રિકામાં ભારતીયો સાથે થતાં ગેરવર્તન દૂર કરવા માટે જે જે પ્રયત્ન કર્યા તેનું વિસ્તૃત વર્ણન કર્યું છે. આ સત્યાગ્રહ દ્વારા વિશ્વને મોહનદાસમાંથી મહાત્મા ગાંધીજી મળ્યા. ગુજરાતી સાહિત્યમાં નિબંધાત્મક પ્રકારનો ગ્રંથ છે.

## સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ

સ્ત્રીઓના જીવનની સમસ્યાઓ લગભગ ત્રીસથી પાંત્રીસ મુદાઓમાં રજૂ કરી છે. જેમાં સ્ત્રી જીવનમાં ઊભા થતાં

પ્રશ્નો,સંવેદનશીલતા અને અંગત કહી શકાય તેવા કેટલાક મુદ્દાઓ ગાંધીજીએ ડાયરી,લેખો,પત્રો આ બધાજ નો ઉલ્લેખ ગાંધીજીએ આ પુસ્તકમાં આલેખ્યો છે. ભારતની સ્ત્રીઓના પોતાના જીવનની સમસ્યાઓ ગાંધીજીને પત્રો દ્વારા કરી હતી. જેને સરળ શૈલીમાં રજૂ કરી છે.

**દિલ્હી ડાયરી**

લોકકલ્યાણ માટે ગાંધીજી દ્વારા "હિદુસ્તાની" માં પ્રકાશિત થયેલી ૧૩૯ પ્રાર્થના પ્રવચનોનું ગુજરાતી અનુવાદ અહીં ગ્રંથસ્થ થયેલા છે. ગાંધીજીનું જીવન દેશની આઝાદી માટે સંઘર્ષમય રહ્યું છે તેમના જીવન દરમ્યાન લોકો શાંતિ અને સંયમ જાળવી રાખે તેમજ લોકકલ્યાણ માટે જે પ્રવચનો અને વ્યાખ્યાનો આપ્યા છે તે આ ગ્રંથમાં આલેખ્યા છે. પુસ્તક વાંચતાં તે સમયે ભારતની પરિસ્થિતી કેવી હશે તેનું અનુમાન કરી શકાય છે.

**મંગલ પ્રભાત**

ગાંધીજીએ યરવડાની જેલમાં આશ્રમવાસીઓ માટે દર મંગળવારે સાવરે પ્રાર્થના અને પછી લોકોના આધ્યાત્મિક વિકાસ માટે ભાષણ આપતા હતાં. તે પ્રાર્થના,ભાષણો વગેરે લખાણોનો સંગ્રહ થયો છે. આશ્રમમાં રહેતા લોકોમાં હજી પણ જાગૃતિ લાવવાવાની જરૂર છે એમ સમજી પ્રવચનપત્ર દ્વારા લખી મોકલવાનું શરૂ કર્યું. આ "મંગલપ્રભાત" અને "પ્રવચનસંગ્રહ" 22 જુલાઇથી શરૂ થયેલ પ્રવચનો 14 ઓકટોબર 1930માં પૂરાં થયા. જીવનના નૈતિકતાના મૂલ્યોને સરળ શૈલીમાં રજૂ કર્યા છે. મંગલપ્રભાત પુસ્તક દ્વારા તેમના આધ્યાત્મિક વિચારોનો પરિચય થયો છે તેમજ જેલવાસ દરમ્યાન સમયનો સદ્ઉપયોગ કરી આશ્રમવાસીઓમાં ચેતના લાવી છે.

**હિન્દ સ્વરાજ**

1909ની સાલમાં લંડનથી પાછા ફર્યા ત્યારે કિલડોનિયન જહાજમાં "હિન્દ સ્વરાજ" પુસ્તક લખ્યું છે. પુસ્તક લખતા લખતા તેમનો જમણો હાથ થાક્યો એટલે ડાબા હાથે લખવાનું શરૂ કર્યું. હિન્દ સ્વરાજ પુસ્તક માત્ર ભારતમાં જ નહીં વિશ્વમાં પણ ખ્યાતિ પામ્યું છે જેમાં લોકોને જીવનનો પથદર્શક કહી શકાઇ. હિન્દ સ્વરાજ પુસ્તકને 1921માં ગાંધીજીએ "જીવનના સંપૂર્ણ સિધ્દ્ધાંત" તરીકે ઓળખાવ્યું.આ પુસ્તકમાં તે સમયના આર્થિક,રાજકીય સિધ્દ્ધાંતોને પડકાર્યા છે. 1938માં ગાંધીજીએ કહ્યું હતું કે તે વખતે લખેલા મારા વિચારો કે લખાણમાં ફેરફાર કરવાનું કોઇ કારણ નથી. આધુનિકતા,નૈતિકતા,શોષણ મુક્ત સમાજ રચના વગેરે અનેક દેશોમાં રાજકીય, આર્થિક ચળવળો ચાલી રહી છે તે હિન્દ સ્વરાજ પુસ્તક દ્વારા આપણને માહિતી પ્રાપ્ત થઇ છે. ગાંધીજીએ 1945માં જવાહરલાલ નેહરુને પત્ર લખ્યો હતો અને તેમાં લખ્યું હતું કે મે હિન્દ સ્વરાજ પુસ્તકમાં જે કઇ લખ્યું છે તે સત્યની પુષ્ટિ કરે છે અને તે મારા અનુભવથી થઇ છે. હિન્દ સ્વરાજમાં જે વિચારો છે તે સાહિત્ય,સમય અને સ્થળને અતિક્રમીને લાંબા સમય સુધી જીવંત રહે તે ગાંધીજીને પોતાના જીવનકાળ દરમિયાન અનુભવનો નિચોડ છે. તેમના ગ્રામજનના વિચારો આજના સમયમાં સ્વીકારી શકાઇ નહી પરંતુ વિકાસશીલ દેશ માટે તેમની પરંપરાને જાળવી રાખવી જરૂરી છે. તેઓ સ્પષ્ટ કહેતા કે સમાન કામ સમાન વેતન હોવું જોઇએ વાળંદ અને વકીલનો પગાર સરખો હોવો જોઇએ. ગાંધીજીના ક્રાંતિકારી વિચારો તેમનું તત્વજ્ઞાન તેમની શૈલીમાં સ્પષ્ટ જોઇ શકાઇ છે.ગાંધીજીની આત્મકથાની હરોળમાં મૂકી શકાઇ તેવું "હિન્દ સ્વરાજ" પુસ્તક છે.

**સત્યવીરની આત્મકથા**

તત્વચિંતક સોક્રેટિસના વિચારોથી પ્રભાવિત થયેલા ગાંધીજીના હ્રદયમાં તેમના વિચારોની ઊંડી અસર પડી હતી.ગાંધીજીએ "ઇન્ડીયન ઓપીનીયન" માં સોક્રેટિસની જીવનકથા એક સત્યવીરની આત્મકથા સંક્ષિપ્ત સ્વરૂપે લખી. સોક્રેટિસના વિચારોને આચરણમાં મૂકી સમાજધર્મી બનવા પ્રેરયા હતાં. ગાંધીજીની જીવનશૈલી તેમનો સમર્પણભાવ તેના વર્તનમાં જોઇ શકાઇ છે. આ કૃતિ દ્વારા તેમની સર્જનશૈલીના દર્શન થાય છે.

**પત્રકારત્વ અને અન્ય સંપદાનો**

પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા ગાંધીજી સાહિત્યકાર તરીકે એક અલગ સ્થાન પામ્યાં છે. તેમનું તત્વચિંતન,આત્મકથા,અનુવાદ અને નિબંધ લેખનની સાથે એક પત્રકાર તરીકે પણ યોગદાન રહ્યું છે. પત્રકારત્વ દ્વારા લોકોના મનમાં પડેલી માન્યતાને તોડવા સફળ રહ્યા છે. ગાંધીજીએ સામાન્ય જનજીવનને લગતા દરેક વિષયો જેમકે સામાજિક,આર્થિક,રાજકીય,ધાર્મિક,વ્યાવહારિક જેવા મુદા ઉઠાવી અને પ્રજામાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો છે. 1903 થી 1915 સમયમાં "ઇન્ડીયન ઓપીનીયન"નામનું સાપ્તાહિક અંગ્રેજી અને ગુજરાતીમાં પ્રકાશિત થયું. ત્યારબાદ હિન્દી અને તામિલમાં પણ પ્રકાશિત થયું. 1919 થી 1931માં ભારતમાં "યંગ ઈન્ડિયા" પ્રગટ થયું. જે ગુજરાતમાં નવજીવન નામથી પ્રકાશિત થઇ છે. ત્યારબાદ હિન્દી અને ગુજરાતીમાં હરીજન નામનું સામાયિક પ્રકાશિત થયું. આ બધા જ સામયિકોથી સામાજિક અને રાજકીય ચળવળો લોકો સુધી પહોંચાડવાના માધ્યમ હતાં તેથી જ ગાંધીજી આ બધાજ સામયિકોને "ન્યૂઝ પેપર" ઓળખવતા હતાં. આ સામયિકોનો ઉપયોગ લોકકેળવણી અને પ્રજામાં જાગૃતિ લાવવાનો હતો. ગાંધીજી એટલા વ્યસ્ત હોવાં છતાં નિયમિત રીતે લેખ લખી પ્રકાશિત કરતાં. તેમના પત્રની એક વિશેષતા રહી છે કે જ્યારે પત્ર લખે છે ત્યારે ઔપચારિક્તા બતાવી મુખ્ય વિષય ચાલુ કરી નમ્રતાથી પૂર્ણ કરતાં

"મારા જેલના અનુભવ" ૧૯૨૧,"સર્વોદય" ૧૯૨૨ ,"યરવડના અનુભવ" ૧૯૨૫,"નીતિનાશને માર્ગે" ૧૯૨૭ , "અનાશક્તિ યોગ" ૧૯૩૦ ,"ગીતબોધ" ૧૯૩૦ , "વર્ણવ્યવસ્થા" ૧૯૩૪ , "ધર્મમંથન" ૧૯૩૫, "વ્યાપકધર્મભાવના"૧૯૩૭,"ખરી કેળવણી,"કેળવણીનો કોયડો" ,"ત્યાગમૂર્તિ અને અન્ય લેખો" ૧૯૩૮ , વગેરે એમના પુસ્તકો,ભાષણો,લખાણો,પત્રોનો સંગ્રહ ગાંધીજીનો અક્ષરદેહ ૧ થી ૯માં કરવાના પ્રયત્ન કર્યા છે. જ્યારે "પાયાની કેળવણી"૧૯૫૦,"સંયમ અને સંતતિનિયમન" ૧૯૫૯ ,"સર્વોદયદર્શન" ૧૯૬૪ એમના મૃત્યું પછી પ્રકાશિત થયાં. આ સિવાય અંગત વિચાર, આખરી ફેંસલો,અસ્પૃશ્યતા નિવારણ,અસહકાર,અહિંસા, ગાંધીવિચાર દોહન, ગાંધી ગિરામૃત,ગાંધી વાઇસરોય પત્ર વ્યવહાર,ગામડાની વહારે,ધર્મયુદ્ધનું રહસ્ય,સો ટકા સ્વદેશી,હિન્દુ ધર્મની કસોટી વગેરે સાહિત્ય સર્જન કર્યું છે.

### ગાંધી સાહિત્યની આગવી વિશેષતા

તેમના સાહિત્યમાં વિષય વસ્તુનું સંકલન, વિષયની વિવિધતા,શબ્દોની લાઘવતાં, પ્રાસાદિક અને સરળ શૈલીમાં વર્ણન કર્યું છે. તેમનું સાહિત્ય સર્જન મુખ્યત્વે નિબંધાત્મક શૈલીમાં લખ્યું છે. લોકોમાં ચેતના લાવવાના હેતુથી સામાન્ય માણસ સમજી શકે તે માટે સરળ ભાષામાં આડંબર રહિત શૈલીમાં લખાયું છે. કહેવતો,રૂઢિપ્રયોગ, સમાસ,ઉદાહરણ વગેરે દ્વારા સાહિત્યને રસભર કર્યું છે. તેમની શૈલીની લાઘવતાં થોડામાં ઘણું અર્થાત ગાગરમાં સાગર જેવુ છે. સાહિત્ય સર્જન દ્વારા પ્રતિષ્ઠા મેળવવાની લાલચ ન હતી પણ પોતાના વિચારો લોકો સુધી પોહંચાડી લોકોમાં દેશ માટે જાગૃતિ લાવવાનો હતો.

### ઉપસંહાર

ગાંધીજીને એક સાહિત્યકાર તરીકે મૂલવવા માટે તેમના વિચારોને અમલમાં મૂકી તેના કાર્યોને સમજવા જોઈએ. સાહિત્ય સર્જન પાછળનો મુખ્ય ધ્યેય પોતાના ક્રાંતિકારી વિચારો વધુમાં વધુ લોકો સુધી પોહોંચાડવાનો જ રહ્યો છે. સાહિત્ય સર્જન ગાંધીજીને મન એક સાધન હતું, જેનું સાધ્ય તો લોકોમાં વૈચારિક અને અમલીકરણ ક્રાંતિ હતી જે ગાંધીજીએ યથાયોગ્ય ઉપયોગ કર્યો. 1920માં ગુજરાતી સાહિત્ય પ્રમુખની ચૂંટણી લડ્યા હતાં પણ પરાજય થયાં હતાં. 1936માં મહાત્મા બન્યાં પછી ગુજરાતી સાહિત્ય પરિષદના બારમાં અધિવેશનમાં અધ્યક્ષ રહ્યાં હતાં. રમણલાલ નીલકંઠ તેઓ સાહિત્યકાર નથી એવો વિરોધ કર્યો હતો. તેમ છતાં "સત્યના પ્રયોગો" તેમની આત્મકથા સમગ્ર વિશ્વમાં શ્રેષ્ટ આત્મકથાનું સ્થાન પામી છે. આથી જ માતૃભાષા ગુજરાતી આખા વિશ્વમાં "ગાંધીગિરા" નામથી ઓળખાય છે. તેમના સાહિત્યમાં ક્યાંય શબ્દોની અતિશયોક્તિ કે આડંબરથી ભરેલી

ભાષા નથી એટલે જ અલંકારોથી સજ્જ આ સાહિત્ય લોક પ્રિયતા પામ્યું.

**સંદર્ભ :**


1. આરોગ્યની ચાવી, મોહનદાસ ગાંધી, આવૃતિ1948,(પ્રકા.નું નિવેદન)
2. ગાંધીયુગની ગુજરાતી કવિતામાં સત્યાગ્રહ અને અહિંસાનું નિરૂપણ : પ્રકરણ – 3 ડૉ. મસરીભાઇ સોલંકી, મહાશોધનિબંધ – 2002 પૃષ્ટ નં.41
3. ગાંધીજીની જીવન યાત્રા –એમના જ શબ્દોમાં, સં.મહેન્દ્રભાઇ મેઘાણી,લોકમિલાપ ટ્રસ્ટ, પ્રથમ આવૃતિ – 2009, પૃષ્ટ નં. – 6
4. ગુજરાતી સાહિત્ય અકાદમીની માસિકી બેઠકમાં – 'ગાંધી સાર્ધશતાબ્દી ઉજવણી'-માં રજૂ થયેલું વક્તવ્ય ; 06 ઓકટોબર 2018
5. ગુજરાતીના ગૌરવ ગ્રંથો, ડૉ. બહેચરભાઈ પટેલ,ગુજરાત યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, પ્રથમ આવૃતિ -2018, પૃષ્ટ નં. 64
6. ગુજરાતી સાહિત્ય અકાદમીની માસિકી બેઠકમાં – 'ગાંધી સાર્ધશતાબ્દી ઉજવણી'-માં રજૂ થયેલું વક્તવ્ય ; 06 ઓકટોબર 2018